By Email

ક્રમાંક: પ્રાશિનિ/વિસભ//૨૦૨૨/૧૦૮-૧૪
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.૧૨/૧, ડૉ.જી.મ.ભવન,
ગાંધીનગર.તા.૧૬/૦૨/૨૦૨૨

પ્રતિ,
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણ સમિતિ, સંબંધિત

વિષય:- વિદ્યાસહાયક ભરતી (ધોરણ ૧ થી ૫ અને ૬ થી ૮ ગુજરાતી માધ્યમ) વર્ષ ૨૦૨૨ ભરતી સંદર્ભમાં ફોર્મ સ્વીકારવા બાબત.

સંદર્ભ:- 1.સ્પે.સી.એ.નં.૩૨૧૦/૨૦૨૨ અને ૩૨૪૫/૨૦૨૨ માં નામ. વડી અદાલતનો તા.૧૧/૦૨/૨૦૨૨નો હુકમ.

2. અત્રેની કચેરીની સીંગલ ફાઈલ ક્રમાંકઃપ્રાશિનિ/ભરતી/2022/07 તા.15/02/2022

3. અત્રેની કચેરીનો ક્રમાંક: પ્રાશિનિ/વિસભ//2022/75-107 તા.15/02/2022

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પત્રો પરત્વે જણાવવાનું કે, વિદ્યાસહાયક ભરતી સંબંધમાં સંદર્ભ દર્શિત પત્ર 1 માં નામ. વડી અદાલતના તા.11/02/2022ના રોજ અરજદારોના ફોર્મ સ્વીકારવા હુકમ કરવામાં આવેલ છે.જે અન્વયે સંદર્ભ દર્શિત પત્ર 3 સુચના રદ કરી નીચે મુજબની સુચના આપવામાં આવે છે.

સંદર્ભ દર્શિત પત્ર 2 થી મળેલ મંજુરી અનુસાર,સામાન્ય વહીવટી વિભાગના તા.22/08/2014 ના પરિપત્રમાં નામ.અદાલતો દ્વારા એક કેસમાં આપેલ ચુકાદાનો અમલ અન્ય સરખા પ્રકારના કેસોમાં કરવા બાબતે સૂચના આપેલ છે. સંદર્ભ 1 નાપીટીશનરોની અરજી તેમજ તેવા અન્ય સમાન કિસ્સાઓની ઓફલાઈન અરજીનો સ્વીકાર કરવાનો આથી સુચના આપવામાં આવે છે.

ઉપરોક્ત સુચના મુજબ જે અરજદારો ફોર્મ રજુ કરે તે સ્વીકારવાના રહેશે. અરજદારો દ્વારા ફોર્મ સંપૂર્ણ ભરી જરૂરી દસ્તાવેજો સહિત આપની કચેરીને આપવામાં આવે ત્યારે તેની જરૂરી ચકાસણી કરી અને નિયત ફી સાથે ઓફલાઇન ફોર્મ તા.18/2/2022 સુધી સ્વીકારવા અને તેવા ફોર્મ અલગ રાખવા, તેમજ તેની અલાયદી યાદી તૈયાર કરવાની રહેશે.

સભ્ય સચિવ
ગુ.રા.પ્રા.શિ.પ.સમિતિ
અને નાયબ શિક્ષણ નિયામક
ગુ.રા.ગાંધીનગર